RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

Editor : Pradip A. Raval (Mo) 98246 53073 Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

Volume : 10 Issue No. 03 Date: 23.10.2023,Monday Page :04 Rs. 1.00/- Annual Rs. 351/-

# અતિક અહેમદની જેમ અમારું પણ એક્રાઉન્ટર થઈ શકે છે', : આઝમ ખાન

લખનૌ,તા.૨૨

ઉત્તર પ્રદેશમાં જે રીતે માફિયાઓ અને ગુનેગારોનો રાજ્યમાંથી સફાયો થઈ રહ્યો છે, તેનાથી બાકીના ગુનેગારો ડરવા લાગ્યા છે. અતિક અહેમદના એક્રાઉન્ટર બાદ ગેરકાયદેસર ગતિવિધિઓમાં સામેલ લોકોને પણ ડર લાગવા માંડ્યો છે કે કોઈ દિવસ તેમની સાથે પણ અતિક અહેમદ જેવો અકસ્માત થઈ શકે છે જેના કારણે તેઓ પોતાનો જીવ ગુમાવી શકે છે. હાલમાં જ આ ડર સપાના નેતા આઝમ ખાનને સતાવી રહ્યો છે.

સમાજવાદી પાર્ટીના ભૂતપૂર્વ પ્રધાન આઝમ ખાન, તેમની પત્ની ભૂતપૂર્વ સાંસદ ડૉ. તાઝીન ફાતિમા અને તેમના પુત્ર ભૂતપૂર્વ ધારાસભ્ય અબ્દુલ્લા આઝમને બનાવટી જન્મ પ્રમાણપત્ર કેસમાં રામપુર જિલ્લા અદાલતે સાત વર્ષની જેલની સજા ફટકારી હતી. હવે તેમને રામપુર જેલમાંથી સીતાપુર જેલમાં ખસેડવામાં આવ્યા હતા. આ સમય દરમિયાન સમાજવાદી પાર્ટીના નેતા આઝમ ખાનને હવે એક્રાઉન્ટરનો ડર લાગી રહ્યો છે. આ દરમિયાન તેમણે કહ્યું કે 'અમારું પણ એક્રાઉન્ટર થઈ શકે છે'.બનાવટી જન્મ પ્રમાણપત્ર કેસમાં, બુધવારે રામપુર સાંસદ-ધારાસભ્ય કોર્ટે આઝમ ખાન, તેની પત્ની તાઝીન ફાતિમા અને પુત્ર અબ્દુલ્લા આઝમને સાત-સાત વર્ષની જેલની સજા ફટકારી હતી.



ત્રણેયને પોલીસ કસ્ટડીમાં કોર્ટમાંથી સીધા રામપુર જેલમાં લઈ જવામાં આવ્યા હતા. બાદમાં ત્રણેયને અલગ-અલગ જેલમાં ખસેડવામાં આવી રહ્યા છે. અહેવાલ છે કે આઝમ ખાનને સીતાપુર જેલમાં ખસેડવામાં આવ્યા છે. આ સિવાય અબ્દુલ્લા આઝમને હરદોઈ જેલમાં અને તાઝીન ફાતિમા રામપુર જેલમાં જ રહેશે. આ તમામને અબ્દુલ્લા આઝમના ડુપ્લીકેટ જન્મ પ્રમાણપત્રોના કેસમાં ૭-૭ વર્ષની સજા ફટકારવામાં આવી હતી.

જ્યારે પોલીસ આઝમ ખાનને સીતાપુર જેલમાં લઈ જવા માટે રામપુર જેલમાંથી બહાર લાવી ત્યારે તેમણે મીડિયાને કહ્યું કે તેમના જીવને જોખમ છે. તેમણે કહ્યું- તેમની સાથે સતત અન્યાય થઈ રહ્યો છે. મને ભૂતકાળમાં પણ એક્રાઉન્ટરની ધમકીઓ મળી હતી. તેથી, હવે મને ડર છે કે 'અમારું એક્રાઉન્ટર થઈ શકે છે'. મારી હત્યાનું ષડયંત્ર હોવાની ગંધ આવી રહી છે. આ પછી પોલીસ આઝમ ખાનને સીતાપુર જેલમાં લઈ ગ, તેમની સાથે પોલીસ અબ્દુલ્લા આઝમ સાથે હરદોઈ જેલ જવા રવાના થઈ ગઈ છે.



ગાંધીનગર શહેરમાં નવરાત્રીનું પર્વ ભારે ઉલ્લાસ અને ધામધૂમથી ઉજવાઈ રહ્યું છે. ગાંધીનગરના ન્યુ વાવોલ વિસ્તારની શિવમ રેસીડેન્સી સોસાયટીમાં ઉજવાઇ રહેલા પ્રથમ નવરાત્રી મહોત્સવમાં સાતમા નોરતે ડેપ્યુટી મેયર પ્રેમલસિંહ ગોલે હાજર રહી માતાજીની આરતી ઉતારી હતી. સોસાયટીના રહીશો દ્વારા ડેપ્યુટી મેયરનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

# ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ શ્રી શંકરભાઈ ચૌધરી સાહેબે વાણીયા પરિવારના ગરબા મંડળની લીધી મુલાકાત



ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ શ્રી શંકરભાઈ ચૌધરી સાહેબે વાણીયા પરિવારના ગરબા મંડળની વખરવાસ ખાતે મુલાકાત લીધી હતી જેમાં પૂર્વ કારોબારી અધ્યક્ષ અર્જુન સિંહ વાઘેલા , કનુભાઈ વ્યાસ, અજય ભાઈ ઓઝા, પ્રકાશ ભાઈ સોની, રૂપશીભાઈ પટેલ, વસંત ભાઈ ત્રિવેદી, હેમજી ભાઈ પટેલ ડો રિતેશ ભાઈ, નગરપાલિકા પુર્વે પરમુખ લવજીભાઈ વાણીયા , થરાદ શહેરમાં પરમુખ હિતેશભાઈ વાણીયાબહોળી સંખ્યામાં વાણીયા પરિવારના સમસ્ત વડીલો ભાઈઓ બહેનો યુવાન મિત્રો હાજર રહ્યા હતા

# શેરી ગરબાની પરંપરા અમદાવાદીઓએ સાચવી

નવરાત્રી મહાપર્વ એટલે માં જગદંબાના સ્વરૂપોની આરાધના ભક્તિ અને શક્તિનો પર્વ. નવ દિવસ માતા જગદંબાની આરાધના કરાય છે .ત્યારે અમદાવાદના જોધપુર ખાતે કલા દર્શન એપાર્ટમેન્ટના રહીશોએ ધામધૂમથી નવરાત્રીનું આયોજન કરવામાં આવ્યું. એક સરખા ટ્રેડિશનલ ડ્રેસિસમાં ગરબાની રમઝટ બોલાવી . અમદાવાદ શહેરમાં એક તરફ પાર્ટી પ્લોટમાં આધુનિક ગરબાની ધૂમ છે ત્યારે શેરી ગરબાની પરંપરા પણ શહેરીજનોએ સાચવી રાખી છે. આ ઉપરાંત અમદાવાદના સાયન્સ સીટી સર્કલ ખાતે આવેલ અર્થ એરોમાં સોસાયટી ખાતે સાતમા નોરતે દીવડાઓ દ્વારા માં



કાલિકાનું મુખારવિંદ બનાવવાનું નક્કી કરવામાં આવ્યું અને સોસાયટીની ૩૦ થી વધુ મહિલાઓએ સતત ૨ દિવસ ની અથાગ તૈયારીઓ બાદ સતત ૩ કલાકની મહેનતે ૧૫૦૮ ઝગમગતા દિવડાઓથી આશરે ૧૫ ફૂટનું માતા કાલિકાનું મુખારવિંદ બનાવ્યું હતું અને માતાજીની આરાધના કરી હતી.નવરાત્રી મહાપર્વ એટલે માં જગદંબાના સ્વરૂપોની આરાધના ભક્તિ અને શક્તિનો પર્વ. નવ દિવસ માતા જગદંબાની આરાધના કરાય છે .અમદાવાદ શહેરમાં એક તરફ પાર્ટી પ્લોટમાં આધુનિક ગરબાની ધૂમ છે ત્યારે શેરી ગરબાની પરંપરા પણ શહેરીજનોએ સાચવી રાખી છે. અમદાવાદ શહેરમાં માં જગદંબાની આરાધના અમદાવાદની પોળો, સોસાઈટી અને મહોલ્લામાં હાલ નવરાત્રી પર્વ ધામધુમથી મનાવાઇ રહ્યું છે અને અલગ અલગ કાર્યક્રમો, પહેરવેશ અને થીમ દ્વારા ગરબાની રંગત શહેરમાં જામી છે ત્યારે અમદાવાદના અલગ અલગ વિસ્તારોમાં કેવી રીતે ગરબાનું આયોજન કરવામાં આવ્યું છે અને નવરાત્રી પર્વ પર કેવો માહોલ છે

# અત્યાર સુધીમાં ૫૦ લાખથી વધુ ભક્તોએ ચાર ધામોની મુલાકાત લીધી છે, અગાઉના તમામ રેકોર્ડ તૂટયા

દહેરાદુન,તા.૨૨

આ વખતે ચારધામ યાત્રામાં નવો રેકોર્ડ બન્યો છે. અત્યાર સુધીમાં રેકોર્ડ ૫૦ લાખથી વધુ શ્રદ્ધાળુઓ એટલે કે તીર્થયાત્રીઓ ચારધામ યાત્રામાં પહોંચ્યા છે. જે ૨૦૨૨ ની ચાર ધામ યાત્રામાં આવનાર કુલ યાત્રાળુઓની સંખ્યા કરતા ઘણી વધારે છે. મતલબ કે આ વર્ષે ચારધામ યાત્રામાં યાત્રાળુઓ આવવાના અગાઉના તમામ રેકોર્ડ તૂટી ગયા છે. ઉત્તરાખંડ સરકારના જણાવ્યા અનુસાર, દર વર્ષે ચારધામ યાત્રામાં શ્રદ્ધાળુઓની સંખ્યામાં વધારો એ તમામ હવામાન માર્ગની સફળતા અને મુખ્યમંત્રી પુષ્કર સિંહ ધામીના કાર્યક્ષમ સંચાલનને દર્શાવે છે. આ વર્ષે ડિસેમ્બરમાં રાજ્યમાં યોજાનારી ગ્લોબલ ઈન્વેસ્ટર સમિટ પહેલા આ આંકડા પ્રવાસન ક્ષેત્રે રોકાણ કરવા ઈચ્છતા ઉદ્યોગપતિઓને આકર્ષી



રહ્યા છે.૨૭ ડિસેમ્બર ૨૦૧૬ના રોજ, વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ઉત્તરાખંડમાં ઓલ વેધર રોડનો શિલાન્યાસ કરીને બહેતર કનેક્ટિવિટી તરફ એક મહત્વપૂર્ણ પગલું ભર્યું હતું. આ મહત્વાકાંક્ષી પ્રોજેક્ટનો પ્રાથમિક ઉદ્દેશ્ય ચાર ધામો: યમુનોત્રી, ગંગોત્રી, કેદારનાથ અને બદ્રીનાથ સાથે સર્વ-હવામાન જોડાણ વધારવાનો છે.આ પ્રોજેક્ટ તીર્થયાત્રીઓને સલામત અને અનુકૂળ પરિવહન પ્રદાન કરશે, જેથી તેઓ હવામાન પરિસ્થિતિઓ અથવા કુદરતી અવરોધોથી અવરોધાયા વિના સરળતાથી મુસાફરી કરી શકશે. આ બારમાસી રોડ પ્રોજેક્ટ પૂર્ણ થવાથી પ્રદેશ અને તેના રહેવાસીઓને ઘણો ફાયદો થશે, જેના હકારાત્મક પરિણામો હાલમાં દેખાઈ રહ્યા છે. આ પ્રદેશમાં વેપારને સરળ બનાવે છે અને પ્રવાસનને વધુ પ્રોત્સાહન આપે છે, જે આખરે ઉત્તરાખંડના આર્થિક વિકાસને મજબૂત બનાવશે.મુખ્ય પ્રધાન પુષ્કર સિંહ ધામીએ પણ યાત્રાળુઓ માટેની સુવિધાઓ સુધારવા માટે ઘણા મહત્વપૂર્ણ પગલાં લીધા હતા, જેમાં ચાર ધામોમાં ભક્તો માટે ઓનલાઈન નોંધણીથી લઈને દર્શન સુધીની વિવિધ વ્યવસ્થાઓનો સમાવેશ થાય છે.

## વિસર્જન...

વિસર્જન કરી વાત ઝેરી જો જળમાં.
ઘણી વેદના વીંટળાઈ વમળમાં.

હતી ઝીલમાં ગંદકી સંગ ખૂશબુ,
મહેંકી સહેજે એ રંગત કમળમાં.

મધુરાં વચન પથ્થરો પીગળાવે,
ગુમાવે બધું શબ્દ બોલે જે વળમાં.

હશે વારસો તો જ સંસ્કાર પામો,
હશે જળ સરોવર તો આવે એ નળમાં.

સફળતા કિનારે ના છબછબથી મળશે,
ઊતરવું પડે છે છલાંગે એ તળમાં.

અગન ચોતરફ મધ્યમાં જાત જોજો,
બચાવી ન શકશો કશું દાવાનળમાં.

સરકવા ના દઈશું અધરથી, ન ગમતું,
ભરી રાખશું આ નયનના પડળમાં.

નથી આશ કે રાહ વરસે આ વાદળ,
દિલાસા મળ્યા છે ઘણા મૃગજળમાં.

નથી કાલ કે આજમાં જિંદગાની,
મળે સાથ ગમતો જીવી લો એ પળમાં.

પાયલ ઉનડકટ (મુંબઈ)

## ક્યાંથી લાવવા?

રોજ લડવું હોય કિંતુ શસ્ત્ર ક્યાંથી લાવવા?
દેહનું રક્ષણ કરે એ વસ્ત્ર ક્યાંથી લાવવા?

આરતી, પૂજા - વિધિ તો રોજ કરીએ પણ કહો,
દેવદર્શન થાય એવા મંત્ર ક્યાંથી લાવવા?

કેટલીયે વાત મનની મનમાં બસ રહી જાય છે,
શબ્દમાં કંડારવાને પત્ર ક્યાંથી લાવવા?

દિલ શકુનિ જેવું છે નહિ એટલે તકલીફ છે,
વિશ્વને ભરમાવવા ષડયંત્ર ક્યાંથી લાવવા?

આભને ઓઢીને સુએ છે ગરીબ લોકો હવે,
એમની ઉપર ઘરોના છત્ર ક્યાંથી લાવવા?

પ્રેમ છે બસ એટલું કાફી છે જીવન જીવવા,
કુંડળી મળતી નથી, નક્ષત્ર ક્યાંથી લાવવા?

એ સકલ બ્રહ્માંડમાં સ્થાપિત થયા છે "શિલ્પ"
રૂપ★
હરવખત ભગવાનને સર્વત્ર ક્યાંથી લાવવા?

શિલ્પા શેઠ "શિલ્પ" (મુંબઈ)

## "મારી આરત "

નોરતાની રાતોમાં આવોને માઁ... રમવાને સૌ સાથે હેતથી,
આમંત્રણ પાઠવીએ તમને અમે, વ્યાપેલ અનહદ નેહથી.

આરતીના નાદે, તાળીઓના સાદે, જોવાતી વાટ આપની ભાવથી,
કુમકુમના સાથિયે, પુષ્પોની સાથે, આવકારીએ અંતરના પ્રેમથી.

દીપ, ગરબી સંગ ઢોલ ને નગારા, પખવાજ ને તબલાની રમઝટ છે જોરથી,
વ્યાકુળ થતી આંખો તરસતી જોવા, આપના આગમનને સ્નેહથી.

રમીએ અમે ગરબા તાળીઓના તાલે, ઉત્સાહ ભર્યા ઉમંગથી,
ગરવી ગુજરાતણનાં હિલોળતા તાલે વર્તાતી ભક્તિ રોમારોમથી.

હીંચને રાસ સંગ તારો પોકાર છે, ઉલ્લાસની હેલી હૈયે છે સવારથી,
આવીને આપ ફરો સંગ અમારી, ખ્યાતિની અરત છે દિલથી.

ખ્યાતિ જીગર દેસાઈ (અમદાવાદ).

તંત્રી લેખ......

# વિપક્ષમાં વિવાદ

પાંચ રાજ્યોમાં વિધાનસભા ચૂંટણીઓની વેગવાન થતી તૈયારીઓ વચ્ચે મધ્ય પ્રદેશમાં સીટોની વહેંચણીને લઈને કોંગ્રેસ અને સમાજવાદી પાર્ટી (સપા) વચ્ચે જે કડવો વિવાદ બહાર આવ્યો છે, તેનાં પરિણામ ના તો મધ્ય પ્રદેશ સુધી સીમિત રહેવાનાં છે કે ના વિધાનસભા ચૂંટણીઓ સુધી. સમાજવાદી પાર્ટીના ચીફ અખિલેશ યાદવે કહી પણ દીધું છે કે જ્યારે લોકસભા ચૂંટણીઓ માટે સીટોની વહેંચણીની વાત થશે, ત્યારે યુપીમાં કોંગ્રેસ સાથે તે એવો જ વ્યવહાર કરશે, જેવો તેની સાથે મધ્ય પ્રદેશમાં કરવામાં આવ્યો છે. જોકે આ વાત પહેલેથી જ કહેવામાં આવતી હતી કે વિપક્ષી દળોનું ગઠબંધન રાષ્ટ્રીય સ્તર પર અને લોકસભા ચૂંટણીઓ માટે કરવામાં આવ્યું છે. તો એમાં એવી કોઈ વાત નથી જે અખિલેશ યાદવ કે તેમની સમાજવાદી પાર્ટીને સમજમાં ન આવે. પરંતુ સવાલ એ છે કે જો વાત એટલી સાફ જ હતી તો પછી મધ્ય પ્રદેશ કોંગ્રેસના નેતાઓએ વિધાનસભા ચૂંટણીઓને લઈને તેની સાથે કોઈ વાતચીત શરૂ જ કેમ કરી? કેમ એ નેતાઓને આ ચૂંટણીઓની રણનીતિ પર વિચાર-વિમર્શ માટે બોલાવવામાં આવ્યા અને જેવું કે સમાજવાદી પાર્ટીનો દાવો છે, તેના માટે છ સીટો છોડવાની તૈયારી પણ દેખાડવામાં આવી અને કેમ બાદમાં કોઈ સ્પષ્ટીકરણ વિના તમામ સીટો પર કોંગ્રેસના ઉમેદવાર જાહેર કરી દેવામાં આવ્યા? આ પ્રકરણ પર કોંગ્રેસનું કોઈ સત્તાવાર નિવેદન હજુ આવ્યું નથી, પરંતુ યુપી કોંગ્રેસના અધ્યક્ષ અજય રાયે જે પ્રતિક્રિયા અખિલેશ યાદવના નિવેદન પર આપી છે તેનાથી એટલું ચોક્કસ સ્પષ્ટ થાય છે કે પાર્ટી આ મુદ્દે બચાવની મુદ્રામાં નથી.કોંગ્રેસનું કહેવું છે કે મધ્ય પ્રદેશમાં ૨૨ સીટો પર ઉમેદવાર ઊભા કરીને સમાજવાદી પાર્ટીએ ભાજપની મદદ કરવાની પોતાની દાનત સ્પષ્ટ કરી દીધી છે. એકંદરે, આ આરોપ-પ્રત્યારોપ અને આકરી નિવેદનબાજી વચ્ચે પણ કોઈ વિપક્ષી ગઠબંધન વિરુદ્ધ કશું નથી બોલી રહ્યું. સમાજવાદી પાર્ટીએ પણ એમ નથી કહ્યું કે તે કોંગ્રેસ કે અન્ય વિપક્ષી દળો સાથે લોકસભા ચૂંટણીઓમાં ગઠબંધન નહીં કરે. તેનું કહેવું માત્ર એટલું જ છે કે એ સમયે કોંગ્રેસ સાથે ‘જેવા સાથે તેવા’ની તર્જ પર વ્યવહાર કરવામાં આવશે.

## તો કંઈ સાર નીકળે

**વિચારોનું વલોણું કરો તો કંઈ સાર નીકળે,**
**રાત-દિન મંથન કરો તો કંઈ સાર નીકળે.**

**મોબાઈલ ઝાલીને વ્યસ્ત રહેતાં સહુ કોઈ.**
**કર્મઠ બનીને કામ કરો તો કંઈ સાર નીકળે.**

**નિત્ય પ્રભાતે શરુ થતી જીવતરની ઘટમાળ,**
**સીસ્ટમથી સૌ કાર્ય કરો તો કંઈ સાર નીકળે.**

**એકસરખાં નથી હોતાં જીવતરનાં સહુ દિન,**
**વિચાર વલોણું રોજ કરો તો કંઈ સાર નીકળે.**

**જન્મથી મૃત્યુ સુધી જીવતરની ઘટમાળમાં,**
**જીવન શું મનોમંથન કરો તો કંઈ સાર નીકળે.**

**પૂર્વી સુનીલ પટેલ. "ઈશાની "વલસાડ.**

### ડાંગ જિલ્લામાં સુબીર તાલુકામાં આવેલ ગૌહાણ ગામમાં

# આયુષ્યમાન ભારત અંતર્ગત હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટર બંધ હાલત




ડાંગ જિલ્લામાં સુબીર તાલુકામાં આવેલ ગૌહાણ ગામમાં આયુષ્યમાન ભારત અંતર્ગત હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટર આવેલ છે જ્યાં લોકો દ્વવારા જાણવા મળેલ છે કે બંધ હાલત માં જોવા મળે છે કોઈ ધ્યાન આપવાવાળું નથી ડિપાર્ટમેન્ટ ઓફ હેલ્થ

ડાંગ જિલ્લામાં આવેલ સુબીર તાલુકામાં ગૌહાણ સેન્ટર આવેલ છે જ્યાં લોકો દ્વારા જાણવા મળેલ છે કે હંમેશા બંધ હાલત માં જોવા મળે છે હેલ્થ એન્ડ વેલનેશ સેન્ટર ખાલી શોભાના ગાંઠિયા સમાન છે એવું લોક ચર્ચા નો વિષય થયો છે દરરોજ બંધ હાલત માં જોવા મળી રહ્યુ છે અહીંના કર્મચારીઓ ક્યારે આવે છે અને ક્યારે જાય છે તે લોકોને પણ ખબર નથી શનિવારે તો આરોગ્ય મેળો હોય છે પરંતુ અહીંયા તો લોકોને ખ્યાલ પણ નથી કે આવું કાંઈ અહી પ્રોગ્રામ ચાલી રહ્યું છે એનો મતલબ એવો થાય છે કે કોઈ અધિકારી અહીયા ધ્યાન આપતું નથી ખરું ને કદાચ તો કાગળિયા પર જ બધા પ્રોગ્રામ બતાવી આપવામાં આવતા હશે આયુષ્યમાન ભારત અંતર્ગત કેટ કેટલા પ્રોગ્રામ સરકાર દ્વારા ચલાવવામાં આવે છે તેનો અહીના કર્મચારી મિત્રો છેદ ઉડાડતા હશે એવું લોક ચર્ચા થઈ રહી છે જરાક ડાંગ ના અધિક જિલ્લા આરોગ્ય અધિકારી ધ્યાન આપે તો સારુ બાકી ડાંગ માં આવું તો ચાલ્યા જ કરશે એ ચોક્કસ નક્કી છે પીપલદહાડ જેવા અંતરિયાળ વિસ્તારમાં કોણ ધ્યાન આપશે એ જોવાનું રહ્યું કે હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટર હવે લોકોની સેવા કરશે કે પછી છેદ ઉડાડવામાં આવશે....?

# ડાંગ જિલ્લામાં વિરપનો સક્રિય થયા હોય એવું નથી લાગી રહયું

ડાંગ જિલ્લામાં વિરપનો સક્રિય થયા હોય એવું નથી લાગી રહયું ફોરેસ્ટ ઓફિસ ધ્યાન આપે તો સારું ફોરેસ્ટ ઓફિસવાળા નિષ્ક્રિય હોય એવું લાગી રહ્યું છે આ તસ્વીર પરથી લાગે છે




ડાંગ જિલ્લામાં આહવાથી ભુસદા તરફ જતાં કમપાર્ટમેટન્ટ નં ૧૩૦ માં સાગના વૃક્ષ કપાયેલી હાલત માં જોવા મળેલ છે પરંતુ ફોરેસ્ટ ઓફિસમાં કદાચ ખબર છે કે નહી તે તો ભગવાન જાણે અને ત્યાં કોઈ ફોરેસ્ટ વાળા જે કમપાર્ટમેન્ટમાં આ વૃક્ષ કપાયેલ છે તે ખાલી વિરપનો જ જાણે છે એવું લાગી રહ્યું છે કારણ કે વૃક્ષ કપાયેલ છે તે પણ કટર થી કપાયેલ છે એ ચોખ્ખુ દેખાય છે તેની નજીકમાં ઝૂંપડી પણ છે તો સુ આ કમ્પાર્ટમેન્ટ ની દેખરેખ કોઈ રાખવા વાળું નથી આટલા મોટા વૃક્ષો કાપવામાં આવ્યા છે તે ચોખ્ખુ દેખાય આવે છે આ ઝૂંપડી દેખાય છે તો કોઈ અધિકારી ગણ ધ્યાન આપ્યું નથી એ ચોક્કસ છે જ કદાચ એવું તો નથી ને કે આમાં અધિકારી ગણ પણ શંકાયળેલા તો નથી ને કારણકે આટલુ મોટુ ઝાડ કાપવામાં આવ્યું તો કેમ કોઈને ખ્યાલ આવ્યો નહી બે ઝાડો કપાયેલ છે ત્યાં આજુ બાજુ માં મસ મોટા બીજા ઘણાં સાગના વૃક્ષો છે કદાચ એ પણ કાપી લેવામાં આવશે એવું પ્રતીત થાય છે કારણ કે ત્યાં ઝૂંપડી બનાવવામાં આવેલ છે અને ત્યાં થી મોટા બે સાગના ઝાડો કાપયેલા છે તે એક તપાસ નો વિષય થઈ રહ્યો છે

ફોરેસ્ટ ઓફિસ માં કદાચ ખ્યાલ પણ નહી હોય કે સાગના બે મસ મોટા ઝાડો કાપવામાં આવ્યા છે તે પણ કટર થી કાપવામાં આવ્યા છેહવે જોવાનું રહ્યું કે ફોરેસ્ટ ઓફિસ વાળા ધ્યાન આપે તો સારું ડાંગ નું જંગલ બચાવવામાં સફળ થશે કે વિરપનો ઝાડો કાપવામાં સફળ થશે.....?




# ચાણસ્મા પોલીસે ધીણોજ ગામે થી ચોરીના બાઈક સાથે એક ઈસમને ઝડપી લીધો



**સમગ્ર ગુજરાત રાજ્યમાં બાઈક ચોરી નો સીલસીલો યથાવત જોવા મળી રહ્યો છે ત્યારે આજરોજ ચાણસ્મા તાલુકાના ધીણોજ ગામ પાસે થી ચાણસ્મા પોલીસને વધુ એક ચોરીના મોટરસાયકલ સાથે એક ઈસમને ઝડપી લીધો હતો જેમાં તેની વધુ પુછપરછ કરવામાં આવતા તેણે મહેસાણા જિલ્લામાંથી ત્રણ મોટરસાયકલ ચોરી કર્યાની કબુલાત કરી હતી પોલીસ સૂત્રો દ્વારા જાણવા મળતી વિગતો મુજબ ચાણસ્મા પોલીસને મળેલ બાતમીને આધારે ચાણસ્મા પોલીસ સ્ટાફ ના માણસો પેટ્રોલિંગ મા હતાં તે દરમિયાન મળેલી બાતમી મુજબ ચાણસ્મા તાલુકાના ધીણોજ ગામે બસ સ્ટેન્ડ પાસે એક ઈસમ સિલ્વર કલરના સ્પ્લેન્ડર બાઈક લઈને ઉભો હોવાની માહિતી મળતા જ પોલીસ દ્વારા ઉભેલ ઈસમ ભરતભાઈ ત્રિકમભાઈ રાવળ ઉ.વ.૨૩ ધીણોજ, રબારી વાસ વાળા ની પુછપરછ કરતા તેણે મહેસાણા જિલ્લાના ત્રણ પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી બાઈક ચોરી કર્યાની કબુલાત કરી હતી ત્યારબાદ ઉપરોક્ત ઈસમને ઝડપી લીધો હતો તેમજ વધુ તપાસ પોલીસ દ્વારા હાથ ધરવામાં આવી હતી**

**રિપોર્ટર. નિખિલ જોષી પાટણ બ્યુરોચીફ**

### અગાઉ કલોલ શહેર મહિલા કોંગ્રેસ સમિતિના અધ્યક્ષ પણ રહી ચૂક્યા છે

# કલોલના મહિલાને જિલ્લા મહિલા કોંગ્રેસ સમિતિના અધ્યક્ષ તરીકે નિયુક્તિ અપાઈ



## પક્ષમાં સંપૂર્ણ વફાદારી અને નિષ્ઠાથી કરેલી કામગીરીની હાઈ કમાન્ડે નોંધ લઇ નિમણૂક આપી

કલોલ:

કલોલના બીનાબેન રાવલને ગાંધીનગર જિલ્લા મહિલા કોંગ્રેસ સમિતિના અધ્યક્ષ તરીકે નિમણૂંક કરવામાં આવી છે. તાજેતરમાં જ કોંગ્રેસ પાર્ટી દ્વારા સંગઠનના હોદ્દેદારોની નિયુક્તિ કરવા માટે કવાયત હાથ ધરવામાં આવી હતી. જેમાં કલોલ શહેર મહિલા કોંગ્રેસના પૂર્વ પ્રમુખ તરીકે કાર્યરત રહ્યા પછી ગાંધીનગર જિલ્લા મહિલા કોંગ્રેસ સમિતિના કાર્યકારી અધ્યક્ષ તરીકે પોતાની જવાબદારી નિભાવનાર કલોલ બ્રહ્મ સમાજમાંથી આવતા મહિલાને હવે કોંગ્રેસ હાઈકમાન્ડ તરફથી ગાંધીનગર જિલ્લા મહિલા કોંગ્રેસ સમિતિના અધ્યક્ષ તરીકે પસંદ કરવામાં આવ્યા છે.

નોંધનીય છે કે બીના રાવલે, કલોલ શહેર મહિલા કોંગ્રેસ સમિતિના અધ્યક્ષ તરીકે પાર્ટી માટે અનેક પ્રકારે નોંધપાત્ર કામગીરી કરી છે. સ્થાનિક સ્વરાજની નગરપાલિકા, તાલુકા પંચાયત, જિલ્લા પંચાયત તેમજ લોકસભા અને વિધાનસભાની ચૂંટણીમાં પાર્ટીના ઉમેદવારોને જીતાડવા માટે રાત-દિવસ એક સક્રિય કાર્યકર તરીકે ઉમદા કામગીરી તેઓ દ્વારા કરવામાં આવેલી છે. જે અંગેની નોંધ લઈને પક્ષના મોવડી મંડળ દ્વારા પ્રથમ તેમને ગાંધીનગર જિલ્લા મહિલા કોંગ્રેસ સમિતિના કાર્યકારી પ્રમુખ અને બાદમાં પ્રમુખ તરીકે પસંદગી કરવામાં આવી છે. તેઓની નિમણૂંકને લઈને કલોલ શહેર તેમજ જિલ્લાભરના કોંગ્રેસ સમિતિની વિવિધ પાંખના હોદ્દેદારો, સ્થાનિક સ્વરાજ તેમજ વિવિધ ક્ષેત્રે ચૂંટાયેલા કોંગ્રેસ પક્ષના જન પ્રતિનિધિઓ તેમજ જિલ્લા ભરના કાર્યકરો સાથે બ્રહ્મ સમાજના અગ્રણીઓએ તેમને અભિનંદન પાઠવ્યા હતા.



**વિજાપુર મણિપુરા રોડ ઉપર આવેલ અંબર સોસાયટી પ્રગતિ સોસાયટીમાં નવરાત્રીન સાતમ ની રાત્રીએ વેશભૂષા નો કાર્યક્રમ યોજાયો હતો જેમાં સોસાયટીના રહીશો એ તેમજ બાળકો એ અલગ વેશભૂષા કરી ને ગરબા રમ્યા હતા અને મોડી રાત્રી સુધી ગરબા ની રમઝટ બોલાવી હતી સોસાયટી મંડળ દ્વારા વિવિધ ડેકોરેશન થી સોસાયટીની માંડવી સજાવી હતી તેમજ જગત જનની માં અંબા ની આરાધના કરી પ્રસાદી વિતરણ કરી વેશભૂષા કરનાર લોકો મંડળ દ્વારા ક્રમાંક નમ્બર આપી પ્રોત્સાહન પૂરું પાડ્યું હતુ**

# મધુર ડેરી પરિવાર ગાંધીનગર જિલ્લાના ખેડૂતો તેમજ પશુપાલકો દ્વ્વારા મધુરની પ્રોડકટ વાપરતા પાંચ લાખ ગ્રાહકોને દિર્ઘાયું માટે પ્રાર્થના



માં દુર્ગા ની આઠમ, ગુજરાતનો લોકપ્રિય અને લાંબા મા લાંબો તહેવાર એટલે નવરાત્રી. એવા જ ગુજરાતના લોકપ્રિય અને ગૃહ તેમજ સહકાર મંત્રી મુરબ્બીશ્રી અમિતભાઈ શાહ સાહેબનો જન્મદિવસ. આજે સાહેબ ૫૯ વર્ષ પુરા કરી અને ૬૦ મા વર્ષમાં જયારે પ્રવેશ કરી રહયાં છે ત્યારે, આપણે મધુર ડેરી પરિવાર ગાંધીનગર જિલ્લાના ખેડૂતો તેમજ પશુપાલકો દ્વ્વારા મધુરની પ્રોડકટ વાપરતા પાંચ લાખ ગ્રાહકોને સાહેબના દિર્ઘાયું માટે પ્રાર્થના કરવા વિનંતી કરીએ છીએ. મિત્રો, ‘રકત દાન‘ મહા દાન છે. નવા સુત્ર મુજબ ×રકત દાન‘ બાદ ‘દેહ દાન‘ જેના દ્વ્વારા આપણે આપણા જ લોકોનું કલ્યાણ કરીએ છીએ. એવી આદર્શ ભાવના સાથે મધુર ડેરીએ મહારકત દાન કેમ્પનું મધુર આયોજન કરેલ છે. પહેલા નોરતા થી માં આધશકિતની આરાધના કરીને અમિતભાઈના ખૂબ સારા અને દિર્ઘાયું જીવન માટે ગામડે-ગામડે રકતદાન કેમ્પોનું આયોજન કરવામાં આવેલું. છાલા હોય, મગોડી હોય, ધરમપુર હોય, ગોલથરા કે પછી સી જેવા તમામ તાલુકાઓના ગામડાઓમાં આવા રકતદાન કેમ્પો દ્વ્વારા આપણે અમિતભાઈના જન્મ દિવસને ઉજવી રહયાં છીએ. સાથે-સાથે જિલ્લાના ગામોના અંદર સગર્ભા મહિલાઓને મધુર ડેરીના શુધ્ધ ઘી ના લાડું અર્પણ કરવામાં આવ્યાં છે, ત્યારે આજે આપણે પરિવાર વતી પ્રાર્થના કરીએ કે, સાહેબ ખૂબ લાંબુ અને સારું જીવન વ્યતિત કરે. સહકારની સિધ્ધિ ધ્વારા સહકારી ક્ષેત્રે કામ કરતા વ્યકિતઓ તેમજ એકમોને ઉપયોગી પુરવાર થાય, એમના પરિવારની ભાવના કાયમ ઉજાગર રહે, તેવી માં ખોડિયારને પ્રાર્થના કરીએ છીએ. પ્રસંગોચિત પધારેલા મહાનુભાવો જેવા કે, (૧) માન.શ્રી અજયભાઈ પટેલ, પ્રમુખશ્રી ગુજરાત સ્ટેટ કો.ઓ.બેન્ક, (૨) માન.શ્રી અનિલભાઈ પટેલ, પ્રમુખશ્રી-ગાંધીનગર જિલ્લા ભાજપ, (૩) માન.શ્રી રજનીભાઈ દેસાઈ, (૪) માન.શ્રી ડો.શંકરસિંહ રાણા, ચેરમેનશ્રી-મધુર ડેરી (૫) મધુર ડેરીના મેનેજીંગ ડિરેકટરશ્રી તથા અન્ય ઉપસ્થિત રહયાં હતાં.

આ તમામ મહાનુભાવો મધુર પરિવારમાં સાહેબના ૬૦ મા જન્મ દિવસની ઉજવણીમાં સંમિલિત થયા, એટલું જ નહિ, દેશના એક સારા ગૃહપ્રધાન અને ગુજરાતના પનોતા પુત્ર તરીકેની માનનીય અમિતભાઈ સાહેબની કામગીરીનો આધાર લઈ, શુભેચ્છાઓ પાઠવી એ બદલ સર્વે આગેવાનોને ધન્યવાદ પાઠવીએ છીએ. ભારતીય જનતા પાર્ટીનું જિલ્લા સંગઠન સળંગ અને સતત સાથે રહી, સાહેબના જન્મ દિવસની ઉજવણીમાં યોગદાન આપ્યું એ બદલ જિલ્લા ભારતીય જનતા પાર્ટીના સંગઠનની પણ નોંધ લઈએ છીએ.

## ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા-
આયોજક : પ્રદીપ રાવલ




***NOG SS No. : 0141***
★વિષય : "ગરબો"★
★શીર્ષક : ઠેર ઠેર "તું" શાક્ષાત!★
★શબ્દો : ૧૫૦★
★લેખકનું નામ : રસિકભાઈ વી પરમાર "રવ"★

આવ્યા નવરાત્રીના રૂડા નોરતા શક્તિ આવે છે!
ગરવા ગુજરાતને ગરબા ગવરાવવા તું આવે છે!
સચરાચર વ્યાપી રહેલી, કરતી ગુજરાતણને ગાંડી ઘેલી,
માડી ઠેર ઠેર સૌને જગવવા, થઈને નિર્બળજનોની બેલી,
ઊંચે ડુંગર પર ધામમાં એ બિરાજે છે!
તારા દર્શન કરવા ક્યાં ક્યાં જાવું?
હેત કરી સ્થળ કેટકેટલા ગણાવું?
ચોટીલાના ચૌટાઓમાં, ચંડી ચામુંડા ચાલે છે.
ઘૂઘરાના ઘમકારે માડી મારી આવે છે.....
અંબાજીના આવાસોમાં માં અંબે બિરાજે છે.
ઘૂઘરાના ઘમકારે માડી મારી આવે છે
બહુચરાજીના બજારે બાળીબહુચર બોલે છે.
ઘૂઘરાના ઘમકારે માડી મારી આવે છે
પાવાગઢના પગથિયે મહાકાલી મૈયા પ્રગટે છે.
ઘૂઘરાના ઘમકારે માડી મારી આવે છે
ગોંડલની ગલીગલીમાં ભુવનેશ્વરી ભીંજવે છે.
ઘૂઘરાના ઘમકારે માડી મારી આવે છે
રાલજના માઈ વહાણવટી સિકોતર ઉગારે છે.
ઘૂઘરાના ઘમકારે માડી મારી આવે છે
હર્ષદ કોયલા હરસિદ્ધિમાં હામ દામ આપે છે.
ઘૂઘરાના ઘમકારે માડી મારી આવે છે
માટેલના તાંતણીયે ખોડિયાર ખમ્મા કરાવે છે.
ઘૂઘરાના ઘમકારે માડી મારી આવે છે
માતાનામઢ આશાપુરી માત આશા બંધાવે છે.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO. 39**
વિષય - ગરબો (સ્વ રચિત)
(રાગ -- આવ્યા આવ્યા રે.. માડી તારા નોરતા રે...)
શીર્ષક -નવરાત
શબ્દો -- ૧૦૮

આસો માસે રે આવ્યા માના નોરતા રે...
નોરતાની નવલી નવરાત, એમાં દેવીઓનો વાસ,
ગરબે રમવા આવજો રે....

આરાસુરથી રે અંબાજી મા પધાર્યા રે...
થઈ વાઘ પર અસવાર, લીધું ત્રિશુળ હાથ,
માડી રમવા આવીયા રે...

શંખલપુરથી રે બાળી બહુચર પધાર્યા રે..
થઈ કુકડા પર અસવાર, સજ્યા સોળે શણગાર,
અંબા સંગ રમવા રે..

ભાવનગરથી રે ખોડિયાર મા પધાર્યા રે
થઈ મગર પર અસવાર, રુમઝુમ ઝાંઝરી પાય,
કંકુ પગલે આવીયા રે..

પાવગઢથી રે મહાકાળીમા પધાર્યા રે..
હાથમાં ખડગ ને જીહવા બહાર, કરે રાક્ષસનો સંહાર,
રમે ચાંચર ચોકમાં રે..

ચોસઠ જોગણીઓ રે નોરતાએ લે રાસડા રે..
અસુરો નાસી જાય, અનિષ્ટો દૂર હટી જાય,
માવડી રક્ષા કરે રે...

★પ્રફુલ્લા"પ્રસન્ના"★

# નવરાત્રીના પાર્ટીપ્લોટમાં ગરબાજીવી રાજુ રદી હાહાકાર મચાવવા કૃતસંકલ્પ !!!

કેટલાક લોકો આંદોલન જીવી હોય છે( સબૂર કરો. આ શબ્દ ક્યાંક સાંભળ્યો હોય તેવું લાગે છે. આમ તો સીએમ એટલે કોમનમનની યાદદાસ્ત સુખદ સ્વપ્ન જેવી ટૂંકી હોય છે!! અરે, આ વાક્ય હું એટલે ગિરધરલાલ ગરબડીયા કે રાજુ રદી બોલ્યા નથી!! આ વાક્ય કોણ બોલ્યા એ કેબીસીનો સાત કરોડ રૂપિયાનો ઈનામી સવાલ છે!!)

આપણા લોકો પ્રારબ્ધજીવી છે. આપણા લોકો પુરૂષાર્થજીવી છે.કેટલાક વોકો બુધ્ધિજીવી હોય છે, જો કે, તે લઘુમતીમાં હોય છે!! બહુધા લોકો બુધ્ધુજીવી હોય છે. દેશની એકસો ચાલીસ કરોડની વસ્તીમાં એકસો ઓગણચાલીસ કરોડ નવાણું લાખ લોકો આ કેટેગરીમાં આવે છે!!

નવરાત્રિમાં શેરી ગરબા અને પાર્ટી પ્લોટના ગરબા વચ્ચે હરીફાઈ રહે છે. શેરી ગરબા એ સરકારી દવાખાના જેવા છે.જ્યારે પાર્ટી પ્લેટ ગરબા એ મલ્ટી સ્પેશિયાલીટી કોર્પોરેટ હોસ્પિટલ જેવા છે!! એકમાં સાદગી છે. બીજામાં ભભકો છે. એકમાં કાંકરા ઉડવા જેવી અલ્પ હાજરી છે. જ્યારે બીજામાં હૈયે હૈયું દળાય તેટલો માનવ મહેરામણ છે. શેરી ગરબા સાત્વિક અને એમેચ્યોર હેમ રેડિયો એકટીવ જેવા હોય છે. જ્યારે પાર્ટી પ્લોટ ગરબા એ ગરબાનું વ્યવસાયિકકરણ અને રૂપિયાનું રેડીયો એકટીવ ફયુઝનનુ કન્ફયુઝન છે!!! વરસો અગાઉ શેરી ગરબા ભરયુવાનીમાં હતા ત્યારે માતાજીની ખરા અર્થમાં આરાધના થતી હતી. ગરબા ખેલતા ખૈલેયાનઓ ગરબા ગ્રાઉન્ડમા હાજર વડીલોની આમન્યા જાળવતા હતા. અત્યારે પાર્ટીપ્લોટ ગરબાએ દાટ વાળ્યો છે. માતાજી કોરાણે મુકાય છે. ડિંઝાઈનર ગાયક, ડિઝાઈનર સ્ટેજ , ડિઝાઈનર ટ્રેડિશનલ વસ્ત્રો-અલંકાર ઝાકઝમાળ, ચમકદમકની બોલબોલા છે!!લોકો પ્રેમિકાની પ્રતીક્ષા કરે તેમ નવરાત્રીની પ્રતીક્ષા કરતા હોય છે. નવરાત્રીજીવી મહિલા નવે નવ રાત્રી પહેરવાના ચણિયાચોળી, ધોતી, સાફા, પાઘડી,મેચિંગ ઓર્નામેન્ટસ ખરીદવા કે ભાડે લેવા અશ્વમેધ યજ્ઞ કરવા જેટલી જહેમત ઉઠાવતી હોય છે.

નવરાત્રિ. નવરાત્રિ એ આદ્યશકિતની આરાધનાનું આધ્યાત્મિક પર્વ છે. આપણી પ્રજા ઉત્સવ પ્રિય હોવાનું સંસ્કૃતમાં કહેવાનાં આવેલ છે. નવરાત્રિ એ વિશ્વનો મોટો નૃત્ય ઉત્સવ છે તેમ બેધડક કહી શકાય.( આમ પણ પાસ માટે બાઈ બાઈ ચાળણીની જેમ અત્ર તંત્ર સર્વત્ર ભટકવું પડે છે. છતા હાથમાં બાબાજી કા ઠુલ્લુ આવે છે. સોનાની જાળ પાણીમાં નાંખવાનું કષ્ટ ઉઠાવવું પડે છે.)બસો રૂપિયાનો ડેઈલી પાસ મેળવવા હજાર રૂપિયાનું પેટ્રોલ અને લાખ રૂપિયાનો જીવ બાળી નાંખતી હોય છે, બોલો!!( શું બોલે ? જય અંબે !!) આ દિવસોમાં માતાજીના સ્વરૂપો, ગરબાનું શાસ્ત્રીય અને પૌરાણિક મહત્વ, ઘટ-ઘડા સ્થાપનનું ચોઘડિયું,વિવિધ સ્થળોએ અવનવા ગરબાના વર્ણનનાં સમાચારથી સમાચારપત્રો છલકાઈ રહ્યા છે.

નવરાત્રીમાં ઈનામ મળે, ટ્રોફી મળે તે માટે શરીરના ટુકડા કરી નાંખે છે!કેટલાક ખેલૈયા માથા પર તપેલી પહેરી, થાળી ચમચી વગાડીને શાકભાજી શરીરે લગાડી લોકોનું ધ્યાન ખેંચવા કોશિશ કરે છે. ગરબા ગાવામાં તલવાર તાણવાની આવશ્યકતા હોતી નથી. પરંતુ, લોકો તલવાર ડાન્સ કરતા હોય છે.

નવરાત્રિ ગરબાના ખેલૈયા, આયોજકો, સ્પોન્સરો, કલાકારો , વિવિધ ધંધાર્થી માટે લાભનો લાભકારી પ્રસંગ છે!! કોઈને ક્રિકેટ,હોકી, સંગીત, ગાયન, નૃત્યમાં રસ ન હોય. અમારા જેવા માટે સાયગલ ગાંગરે અને અમે સાંભળીએ તેવો ઘાટ થાય!!આપણને વિચિત્ર વીણા અને વીણા- વાયોલિન અને વીણાનો ભેદ ખબર ન હોય, તાલ, હડતાલની ખબર ન હોય એ પ્રાકૃતિક અને સાહજિક હોય છે. ખેલૈયા માટે જાતજાતની કેટેગરીમાં કાંઈને કાંઈ ઈનામો હોય છે. પરંતુ, દેખૈયા-જોનાર માટે એક પણ ઈનામ કે ઈનામડી કે ઈનામડું અપાતું નથી. દેખૈયા એટલે કે ખુરશી પર બેસી ખેલૈયાના તાલે માનસિક ગરબા રમનાર, ખેલૈયાના ચપ્પલ, પાણીની બોટલ, નાસ્તાના ચોકીદારી કરવાની ડયુટી બજાવે છે. ખેલૈયાને જોઈ મોંઢામાંથી લાળ ગંગા સ્વયંભૂ પ્રાકટય કરતી હોય છે. ગરબાના આયોજક શ્રેષ્ઠ દૈખેયા, કનિષ્ઠ દેખૈયાનો એવાર્ડ આપવો જોઈએ!!કેમ કે, નવરાત્રિના આયોજનની સફળતા આયોજક, ખેલૈયા, ગ્રાઉન્ડ, લાઈટ , લાઈન્ડ, સ્પોન્સરર, પાર્કિંગ વ્યવસ્થા, ફૂડ ઝોન , સિકયોરિટી નહીં પણ બગલાની અગર ઘુવડની જેમ ઉદ્ગીવા કરીને ગરબા અને ગરબા ગાનારીઓને અપલક અને અનિમેષ નજરે ત્રાટક તરી નિહાળતા દેખૈયાને આભારી છે!!! એમને પણ ઈનામ આપો. જરાક નવતર અને અનુસરણીય અભિગમ કહેવાશે , તેની આયોજકો સોશિયલ મિડિયામાં વાહવાહી બટોરી શકશે!!

નવરાત્રીમાં ઉરાંગઉટાંગ સ્ટેપ કરી લોકોનું ધ્યાન ખેંચવા માટે ગરબાની તાલીમ આપવા માટે શેરીએ શેરીએ ગરબા કલાસ ખુલી જાય છે. જે ગરબાનો ગ ન જાણનારને ગરબાપતિ( વિધા વાચસ્પતિ એટલે કે પીએચડી હોલ્ડર!!) બનાવી દે છે.!! રાજુ રદી નવરાત્રી આવે એટલે કેમે કરીને ઝાલ્યો ન રહે.નવરાત્રીમાં ચકળવકળ ડોળે દુકાળિયો જેમ મિઠાઈની દુકાનના કાચના ડીસપ્લેમાં ગોઠવેલ મિઠાઈને અપલક નજરે જુએ તેમ મહિલા ખેલીઓને મિઠાઈકૂટ માની જોયા કરે!!રાજુ રદીએ નવરાત્રીમાં રોલો પાડવા,છાકો પાડવા, વટ પાડવા માટે ધબાય નમો કલાસ જોઈન કર્યા છે!( નમો શબ્દ વાંચી ભળતીસળતી કલ્પના કરવાની સખ્ખત છૂટ છે!!) લલિતકલાના દુશ્મન ઔરંગઝેબ જેવો રાજુ ગરબા કલાસમાં કયાં ગુલ ખિલાવતો હશે તે જાણવાની મને ભયંકર ઉત્સુકતા થઈ!! આ વરસે પાર્ટી પ્લોટમાં ચેમ્પિયન ઓફ તે

ચેમ્પિયન કે બેસ્ટ ખેલૈયાનો એવોર્ડ મારી છાતીની શોભા બનશે તેવો અઠયાસીસ ઈંચની ખોખલી છાતી ઠોકીને ઉધરસ ખાતા ખાતા રાજુએ દાવો કર્યો છે!!

રાજુ રદીગરબા કલાસમાં દોઢિયું, એક તાલી, હૂડો, ત્રિતાલી વગેરે શીખે છે.પુષ્પા ફિલ્મનો કમર ડાબી-જમણી બાજુ કમર મટકાવવાનો પુષ્પા ડાન્સ પણ શીખે છે..''રાજુ ઝૂકેંગા નહી હૈ!'' તેમ વારંવાર દઢોચ્ચાર કર્રે છે.રાજુ રદી કલાસમાં શીખવા માટે ઉતરે છે,ત્યારે મલ્લયુદ્ધમાં મલ કુશ્તી કરવા માટે ઉતરે ત્યારે જાંધ પર થપાટ મારે તેમ રાજુ એન્ટ્રી લે છે. રાજુ રદી પીધેલાની જેમ ગરબે ધૂમે છે. જંગલમાં મૃગલી ચાલતી હોય કે રેમ્પ પર મોડેલ કેટવોક કરે તો મનોરમ્ય લાગે.પરંતું,રાજુ રદી નીલગાય કે અડીબાજ ગદર્ભ ઠેકડા મારે તેમ રાજુ હનુમાન કૂદકા મારે છે. એના હાથના ઠુંસા,,પગની લાતથી બીજા શીખવા આવેલા ખેલૈયા જેમ વૃક્ષ ધરાશાયી થાય તેમ ધરાશાયી થાય છે. કલાસમાં રાજુ રદી વિશ્વ વિજેતા સિકંદરની જેમ એકલો ઉભો રહે છે!!કલાસ સંચાલક માથે હાથ મુકી પોંકે પોંકે રડે છે. મહાભારતનું યુધ્ધ સંપનન થયા કુરુક્ષેત્રમાં પછી સ્મશાન શાંતિ,સન્નાટા, પ્રર્વતતો હતો તેવો જ સન્નાટો ગરબા કલાસમાં પ્રવર્તતો હતો!!રાજુ રદીએ લાતિયુ, ફેટ્યુ, કોણિયું એવા નવતર ડાન્સ સ્ટેપનો પ્રાદુર્ભાવ કર્યો છે. આ સ્ટેપની પેટન્ટ બુક કરવા પણ અરજી કંરી છે!!!

રાજુ રદી લો ગાર્ડન જઈ વીસ ટ્રેડિશનલ ડ્રેસ, ઓર્નામેન્ટ,ડાંડિયા સાફા, ટોપીઓ, મોજડી લઈ આવવાનો છે!!ગરબામાં ઈન્ટરવલ પડે એટલે કેડિયું ચોળણી બદલી નાંખવાનું મહત્વાકાંક્ષી આયોજન છે!!રાજુ રદી ટ્રેડિશનલ ડ્રેસ પાછળ પાણીની માફક પૈસા વહેડાવવાનો છે!!રોજ નવા જૂતા! રોજ નવા સાફા! જાનપદી હૈયાના ધબકારામાં તરણેતર મેળામાં જુવાનિયા જુવતી ભરત ભરેલ છત્રી લઈને સોટો પાડે છે. રાજુ રદી તેર હજારમાં આવી છત્રી લઈ આવ્યો છે!! દેવાપૂજક વરરાજાની જેમ રાત્રીના સમયે રેબેનના બ્લેક ગોગલ્સ ઠઠાડવાનો છે!!

પાર્ટીપ્લોટમાં ગરબાજીવી રાજુ રદી પરફોર્મન્સ દ્વારા કેવો હાહાકાર મચાવે છે કે જોવા માટે નવરાત્રિ સુધી રાહ જોવી જરહી!!!સર્વે વાંચકોને નવરાત્રિની આગોતરી શુભેચ્છા અને માતાજી આપની મનોકામના પૂર્ણ કરે તેવી શુભેચ્છા!!!જય માતાજી!!

ભરત વૈષ્ણવ

### બેચરાજી વિસ્તારના ધાર્મિક-આર્થિક વિકાસની પ્રબળ સંભાવનાને વાસ્તવિક રૂપ આપતા

# મુખ્યમંત્રીશ્રીના મહત્વપૂર્ણ નિર્ણય ને આવકારતા ઉદ્યોગ મંત્રી બલવંતસિંહ રાજપુત

**મુખ્યમંત્રીશ ભૂપેન્દ્ર પટેલ દ્વારા બેચરાજી એરિયા ડેવલપમેન્ટ ઓથોરિટીની રચનાથી બેચરાજીમાં વિકાસ ના નવા દ્વાર ખુલશે - ઉદ્યોગ મંત્રીશ્રી બલવંતસિંહ રાજપૂત,**

**બેચરાજી આજુબાજુના સાત ગામોને આવરી લઈ અંદાજે ૮૨૫ હેક્ટર વિસ્તાર બેચરાજી એરિયા ડેવલપમેન્ટ ઓથોરિટીમાં સમાવિષ્ટ થશે,**

**ડેવલપમેન્ટ પ્લાન અને નગરરચના યોજનાઓથી રોડ-સ્ટ્રીટ લાઈટ-બાગ-બગીચા-ડ્રેનેજ જેવી ઈન્ફ્રાસ્ટ્રક્ચર ફેસેલિટીઝ મળશે,**

**બેચરાજી અને આસપાસના ઔધોગિક-વાણિજ્યિક એકમોને પ્રોત્સાહન મળશે,**

**નવા મૂડી રોકાણોની સંભાવનાઓ ઉજ્જવળ બનશે અને રોજગારીની નવી તકો ખૂલતાં સામાજિક આર્થિક વિકાસના નવા માપદંડ નક્કી થઈ શકશે.**



મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે ઉત્તર ગુજરાતના સુપ્રિસદ્ધ શકિતપીઠ યાત્રાધામ બહુચરાજી વિસ્તારની ધાર્મિક અને આર્થિક પ્રવૃત્તિઓના વિકાસની પ્રબળ સંભાવનાને વાસ્તવિક રૂપ આપવા બેચરાજી વિસ્તાર વિકાસ સત્તામંડળની રચવાનો મહત્વપૂર્ણ નિર્ણયને બેચરાજી મંદિર ખાતે ઉપસ્થિત રહી ઉદ્યોગ મંત્રી બળવંતસિંહ રાજપુતે આવકારી તમામ દર્શનાર્થીઓ વતી આભાર વ્યકત કરી આગામી સમયમાં બેચરાજી વિકાસના નવા દ્વાર ખુલશે તેમ જણાવ્યું હતું.

ઉદ્યોગમંત્રી બળવંતસિંહ રાજપૂતે નવરાત્રી ના પવિત્ર આઠમના દિવસે મા બહુચર ના દર્શન કરી ધન્યતા અનુભવતી હતી.

ઉપરાંત બેચરાજી મંદિર માં આઠમ ના યજ્ઞ માં સહભાગી બન્યા હતા. ઉધોગ મંત્રી બલવંતસિંહ રાજપૂતે ઉમેર્યુ હતુ કે બહુચર માતાના પ્રાચીન-પવિત્ર યાત્રાધામ સાથે શંખલપુર તીર્થ, વલ્લભ ભટ્ટની વાવ ઉપરાંત બેચરાજી નજીક આવેલા માંડલ-બેચરાજી એસ.આઈ.આર.માં મારૂતી સુઝુકીના પ્લાન્ટ અને ૩૦ જેટલા નાના-મોટા ઉત્પાદન એકમો ધરાવતા આ સમગ્ર વિસ્તારનો રાજયના અન્ય શહેરોની જેમ વિકાસ થઈ શકે તેવી શક્યતાઓ ધ્યાને લઈને મુખ્યમંત્રીશ્રી દ્વારા આ નિર્ણય લેવાયો છે જેના લાભ બેચરાજી સહિત આજુબાજુ ના વિસ્તારો ને મળશે.

મંત્રીશ્રીએ ઉમેર્યું હતું કે નવરાત્રીના પવિત્ર આઠમાન દિવસે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે મહેસાણાથી અંદાજે ૪૫ કિલોમીટરના અંતરે રોડ-કનેકિટવિટીથી જોડાયેલા બેચરાજીને તેમજ બેચર-બેચરાજી ગ્રામ પંચાયત અને તેની આજુબાજુમાં થઈ રહેલા વિકાસને ભવિષ્યમાં સુઆયોજિત અને સુવ્યવસ્થિત કરવા તેમજ માળખાકીય સુવિધાઓ પૂરી પાડવા આ બેચરાજી વિસ્તાર વિકાસ સત્તામંડળની રચના કરી છે.

મંત્રીશ્રી એ વધુ માં જણાવ્યુ હતું કે બેચરાજી તેમજ તેની આજુબાજુના શંખલપુર, કાલરી, ગણેશપૂરા, પ્રતાપગઢ, ફિંચડી, ડેડાણા, એદલા, ગામોના સહિત અંદાજે ૮૨૫ હેક્ટર વિસ્તારને આ બેચરાજી એરિયા ડેવલપમેન્ટ ઓથોરિટીમાં સમાવિષ્ટ કરવામાં આવ્યા છે જેનાથી બેચરાજી સહિત આજુબાજુના વિસ્તારોના વિકાસ થવાથી વિકાસ ઝડપી થશે તેમ જણાવ્યું હતું.

મંત્રીશ્રીએ ઉમેર્યું હતું કે નવી રચાયેલી આ બેચરાજી એરિયા ડેવલપમેન્ટ ઓથોરિટી દ્વારા આ વિસ્તારમાં ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ અન્વયે વિકાસ યોજના-ડેવલપમેન્ટ પ્લાન બનાવવામાં આવશે તેમજ નગરરચના યોજનાઓનું પણ આયોજન કરી શકાશે જેનો સીધો ફાયદો બેચરાજીના સ્થાનિક નાગરિકોને મળવાનો છે.

મંત્રીશ્રી એ નગરરચના યોજનાઓના પરિણામે રોડ, સ્ટ્રીટ લાઈટ્સ, બાગ-બગીચા, ડ્રેનેજ જેવી ઈન્ફ્રાસ્ટ્રક્ચર ફેસેલિટિઝ પૂરી પાડી શકાશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો

તેમજ બેચરાજી અને આસપાસના ઔદ્યોગિક-વાણિજ્યિક એકમોને પ્રોત્સાહન મળશે, નવા મૂડી રોકાણોની સંભાવનાઓ ઉજ્જવળ બનશે અને રોજગારીની નવી તકો પણ ખુલવાથી આર્થિક વિકાસના નવા માપદંડ નક્કી થઈ શકશે તેમ જણાવ્યું હતું

આ નિર્ણય ને પગલે ધાર્મિકતા સાથે આધુનિક ઔદ્યોગિક ક્રાંતિના સમન્વયથી બેચરાજી વિસ્તાર દેશ અને રાજયના વિકાસમાં આગવું યોગદાન આપવા સજ્જ બનશે તેમ જણાવ્યું હતું.

અત્રે ઉલ્લેખનીય છેકે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે આ નવરચિત બેચરાજી વિસ્તાર વિકાસ સત્તામંડળના અધ્યક્ષ તરીકે મહેસાણા જિલ્લા કલેક્ટરની નિયુક્તિ કરી છે. આ સત્તામંડળના અન્ય સભ્યો તરીકે ચીફ ટાઉન પ્લાનર, મહેસાણા જિલ્લા પંચાયતના પ્રમુખ, મહેસાણા જિલ્લા વિકાસ અધિકારી, રિજિયોનલ મ્યુનિસિપલ કમિશનર, ગાંધીનગર અને સભ્ય સચિવ તરીકે મહેસાણા જિલ્લાના અધિક નિવાસી કલેક્ટરનો સમાવેશ કરવામાં આવ્યો છે,

આ વિસ્તારના વિકાસને લગતી બાબતોને યોગ્ય વાચા આપવા સ્થાનિક સ્તરે ચૂંટાયેલા ચાર સભ્યોને પણ આ સત્તામંડળમાં સભ્ય તરીકે સ્થાન આપવાની જોગવાઈ કરવામાં આવેલી છે.

ઉદ્યોગ મંત્રી બલવંતસિંહ રાજપુતે બેચરાજી ખાતે મંદિરના દર્શન કરી મીડિયા કર્મીઓ તેમજ સ્થાનિક આગેવાનો સાથે મંત્રીશ્રીએ બેચરાજી ના વિકાસ સંદર્ભે સંવાદ કર્યો હતો.

આ પ્રસંગે ધારાસભ્યશ્રી સુખાજી ઠાકોર, તાલુકા પંચાયત પ્રમુખ ગીરીશ પટેલ,ભાજપ તાલુકા પ્રમુખ દેવાંગ પંડ્યા,નરેશ ઠક્કર,જગતસિંહ સોલંકી,બેચરાજી તાલુકાના સરપંચશ્રીઓ સહિત બેચરાજી શહેર અને તાલુકા અગ્રણીઓ અધિકારીઓ પદાધિકારીઓ પ્રબુદ્ધ નાગરિકો તેમ જ મોટી સંખ્યામાં ભક્તજનો,દર્શનાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા

# સરકાર, સંસ્કૃતિ-રક્ષકોને શામાટે પ્રોત્સાહન આપે છે?

નવરાત્રીના ઉત્સવમાં વિધર્મીઓને અટકાવવા માટે હિન્દુત્વવાદીઓ મેદાને પડ્યા છે. તેઓ ગરબા આયોજનના પ્રવેશદ્વારે ઊભા રહીને સંસ્કૃતિ-પોલીસની ભૂમિકા ભજવી રહ્યા છે ! આગુતંકોના આધારકાર્ડની ખરાઈ કરી રહ્યા છે. કોઈ વિધર્મી હોય તો તેમને થપ્પડ મારી ત્યાંથી કાઢવામાં આવે છે ! ૧૮ ઓક્ટોબર ૨૦૨૩ના રોજ અમદાવાદની ફ્રસ્ઝ્છ ક્લબમાં એક વ્યક્તિ અન્ય ધર્મનો મળી આવ્યો તેથી તેની પર જબરો ટપલીદાવ થયો અને તેને ગ્રાઉન્ટની બહાર કાઢી મૂકવામાં આવ્યો હતો.

થોડાં પ્રશ્નો : ચ૧ આ સંસ્કૃતિ રક્ષકોને અમદાવાદના પોલીસ કમિશ્નરનો સપોર્ટ હશે? રાજ્યના પોલીસ વડાને આ અજુગતું લાગતું નહીં હોય? ચ૨ શું પોલીસ ઈચ્છે તો આ સંસ્કૃતિ-રક્ષકો ગરબા આયોજનના પ્રવેશ દ્વારની આજુબાજુ ફરકી શકે? શું રાજ્ય સરકાર/ ગૃહમંત્રીને રાજીરાજી રાખવા પોલીસ પોતાની ફરજ બજાવતી નહીં હોય? ચ૩ ગરબા પછી આ સંસ્કૃતિ-રક્ષકો શાળા/ કોલેજમાં વિધર્મીઓને રોકવા માંગણી કરશે તો સરકાર મૌન રહેશે? ચ૪ શું સરકારે/ પોલીસે, સંસ્કૃતિ-રક્ષકોને કોઈના આધારકાર્ડ ચેક કરવાની મંજૂરી આપી છે? મારઝૂડ કરવાની પરમિશન આપી છે? ચ૫ શું સંસ્કૃતિનું રક્ષણ ધૃણા/નફરત/ હિંસાથી થાય? ચ૬ વિશ્વ હિન્દુ પરિષદે ગરબા આયોજનમાં બાઉન્સર તરીકે/ સીક્યુરિટીમાં વિધર્મીને નહીં રાખવા; સંગીત પાર્ટી/ લાઈટ/ મંડપમાં વિધર્મી નહીં રાખવા અપીલ કરી છે. દરેક ખેલૈયાઓને તિલક કરવા તથા ગરબા આયોજન સ્થળે પ્રવેશે ત્યારે ગૌમૂત્રનો છંટકાવ કરવા અપીલ કરી છે ! શું આ રીતે સંસ્કૃતિનું રક્ષણ થશે?

સૌથી મોટો સવાલ એ છે કે સરકાર, સંસ્કૃતિ-રક્ષકોને શામાટે પ્રોત્સાહન આપે છે? સંસ્કૃતિ-રક્ષકો આવું વર્તન સંસ્કૃતિના રક્ષણ માટે કરે છે કે નફરત-ધૃણા ઊભી કરી રાજકીય રોટલા શેકવાના આશયથી કરે છે? મોંઘવારી/ બેરોજગારી/ મોંઘા શિક્ષણ/ માંદલી આરોગ્ય સેવા/ રોટી-કપડા-મકાનના મુદ્દાઓ લોકો ન ઊઠાવે તે માટે સત્તાપક્ષ, સંસ્કૃતિ-રક્ષકોની આવી હરકતો સહન કરતો હશે?

### બેચરાજી વિસ્તારના ધાર્મિક-આર્થિક વિકાસની પ્રબળ સંભાવનાને વાસ્તવિક રૂપ આપવા

# બેચરાજી એરીયા ડેવલોપમેન્ટ ઓથોરિટીની રચના કરવાનો મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલનો મહત્વપૂર્ણ નિર્ણય



મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે ઉત્તર ગુજરાતના સુપ્રિસદ્ધ શકિતપીઠ યાત્રાધામ બહુચરાજી વિસ્તારની ધાર્મિક અને આર્થિક પ્રવૃત્તિઓના વિકાસની પ્રબળ સંભાવનાને વાસ્તવિક રૂપ આપવા બેચરાજી વિસ્તાર વિકાસ સત્તામંડળની રચવાનો મહત્વપૂર્ણ નિર્ણય કર્યો છે.
બહુચર માતાના પ્રાચીન-પવિત્ર યાત્રાધામ સાથે શંખલપુર તીર્થ, વલ્લભ ભટ્ટની વાવ ઉપરાંત બેચરાજી નજીક આવેલા માંડલ-બેચરાજી એસ.આઈ.આર.માં મારૂતી સુઝુકીના પ્લાન્ટ અને ૩૦ જેટલા નાના-મોટા ઉત્પાદન એકમો ધરાવતા આ સમગ્ર વિસ્તારનો રાજ્યના અન્ય શહેરોની જેમ વિકાસ થઈ શકે તેવી શક્યતાઓ ધ્યાને લઈને મુખ્યમંત્રીશ્રીએ આ નિર્ણય કર્યો છે.
એટલું જ નહીં, મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે મહેસાણાથી અંદાજે ૪૫ કિલોમીટરના અંતરે રોડ-કનેક્ટિવિટીથી જોડાયેલા બેચરાજીને તેમજ બેચર-બેચરાજી ગ્રામ પંચાયત અને તેની આજુબાજુમાં થઈ રહેલા વિકાસને ભવિષ્યમાં સુઆયોજિત અને સુવ્યવસ્થિત કરવા તેમજ માળખાકીય સુવિધાઓ પૂરી પાડવા આ બેચરાજી વિસ્તાર વિકાસ સત્તામંડળની રચના કરી છે.
બેચરાજી તેમજ તેની આજુબાજુના શંખલપુર, કાલરી, ગણેશપૂરા, પ્રતાપગઢ, ફિંચડી, ડેડાણા, એદલા, ગામોના સહિત અંદાજે ૮૨૫ હેક્ટર વિસ્તારને આ બેચરાજી એરિયા ડેવલપમેન્ટ ઓથોરિટીમાં સમાવિષ્ટ કરવામાં આવ્યા છે.
નવી રચાયેલી આ બેચરાજી એરિયા ડેવલપમેન્ટ ઓથોરિટી દ્વારા આ વિસ્તારમાં ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ અન્વયે વિકાસ યોજના-ડેવલપમેન્ટ પ્લાન બનાવવામાં આવશે તેમજ નગરરચના યોજનાઓનું પણ આયોજન કરી શકાશે. નગરરચના યોજનાઓના પરિણામે રોડ, સ્ટ્રીટ લાઈટ્સ, બાગ-બગીચા, ડ્રેનેજ જેવી ઈન્ફ્રાસ્ટ્રક્ચર ફેસેલિટિઝ પૂરી પાડી શકાશે.
આ ઉપરાંત, બેચરાજી અને આસપાસના ઔદ્યોગિક-વાણિજ્યિક એકમોને પ્રોત્સાહન મળશે, નવા મૂડી રોકાણોની સંભાવનાઓ ઉજ્જવળ બનશે અને રોજગારીની નવી તકો પણ ખુલવાથી આર્થિક વિકાસના નવા માપદંડ નક્કી થઈ શકશે.
આના પરિણામે ધાર્મિકતા સાથે આધુનિક ઔદ્યોગિક ક્રાંતિના સમન્વયથી બેચરાજી વિસ્તાર દેશ અને રાજ્યના વિકાસમાં આગવું યોગદાન આપવા સજ્જ બનશે.
મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે આ નવરચિત બેચરાજી વિસ્તાર વિકાસ સત્તામંડળના અધ્યક્ષ તરીકે મહેસાણા જિલ્લા કલેક્ટરની નિયુક્તિ કરી છે.
આ સત્તામંડળના અન્ય સભ્યો તરીકે ચીફ ટાઉન પ્લાનર, મહેસાણા જિલ્લા પંચાયતના પ્રમુખ, મહેસાણા જિલ્લા વિકાસ અધિકારી, રિજિયોનલ મ્યુનિસિપલ કમિશનર, ગાંધીનગર અને સભ્ય સચિવ તરીકે મહેસાણા જિલ્લાના અધિક નિવાસી કલેક્ટરનો સમાવેશ કરવામાં આવ્યો છે.
વિસ્તારના વિકાસને લગતી બાબતોને યોગ્ય વાચા આપવા સ્થાનિક સ્તરે ચૂંટાયેલા ચાર સભ્યોને પણ આ સત્તામંડળમાં સભ્ય તરીકે સ્થાન આપવાની જોગવાઈ કરવામાં આવેલી છેબહુચર માતાના પરમ ભક્ત અને ઉદ્યોગ મંત્રી બલવંતસિંહ રાજપૂતે મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલને બેચરાજી એરીયા ડેવલોપમેન્ટ ઓથોરિટીની રચના કરવાથી સમગ્ર વિસ્તારનો મોટાપાયે વિકાસ થશે તે બદલ અભિનંદન પાઠવ્યા છે



વેજલપુર મત વિસ્તારના ધારાસભ્ય શ્રી અમિતભાઈ ઠાકર તથા આજ મત વિસ્તારના કોર્પોરેટ શ્રી ઓ ની સાથે ઈન્દ્ર પ્રસ્થ ૫ માં ચાચર ના ચોકમાં જગત જનની મા અંબાના દર્શન કરવા તથા શુભેચ્છક મુલાકાતે આવેલા ત્યાર બાદ સમૂહમાં સોસાયટી ના રહીશો સાથે ફોટો ફંકશન કરેલ




તા.૨૧-૧૦-૨૦૨૩ શનિવારે સવારે ૧૦-૦૦થી ૧-૦૦ દરમ્યાન નવરાત્રી મહોત્સવ તથા બાળકોના જન્મદિવસ નિમિત્તે ઉજવણી ગાયત્રી મંત્રોચ્ચાર સાથે પૂજન અર્ચન તથા માતાજીના ગરબા રમીને સ્મિત ચાઈલ્ડ એજ્યુકેશન એન્ડ ડેવલપમેન્ટ ટ્રસ્ટના મનોદિવ્યાંગ ખેલૈયાઓ બાળકોના સથવારે અને આમંત્રિતો,વાલીઓના સાનિધ્યમાં લાયન્સ કલબ ઓફ અમદાવાદ જોધપુર હીલ, ગાયત્રી પરિવાર નારણપુરા,સ્મિત ચાઈલ્ડ એજ્યુકેશન એન્ડ ડેવલપમેન્ટ ટ્રસ્ટના સંયુક્ત ઉપક્રમે વેરાઈ માતાજી મંદિર,રેલવે ફાટક પાસે,નવાવાડજ ખાતે આનંદ ઉલ્લાસ સાથે ઉજવવામાં આવ્યો હતો જેમાં દિપ પ્રાગટ્ય કાળીદાસ ચેરિટેબલ ટ્રસ્ટ,ઓમકાર ફાઉન્ડેશન અતિથિ વિશેષ લા.કશીષ રાઠોર,લા.રાહી રાઠોર( ગુજરાતી ફિલ્મ કલાકાર) દ્વારા કરવામાં આવ્યું હતું જ્યારે ઈનામ સ્પોન્સર શ્રીમતિ પ્રવિણાબેન નવીનભાઈ ત્રિવેદી,સ્વરૂચી મિષ્ટાન્ન સાથે ભોજન ઉપસ્થિત સૌને રાજુભાઈ મુલાસણવાળા પરિવાર તરફથી હતું



નવરાત્રિની આઠમ નિમિત્તે ચાંદનીચોક,નારણપુરા,સોલારોડનાં અંબાજી માતાને સુંદર શણગાર કરવામાં આવ્યો હતો વહેલી સવારથી મંદિરમાં દર્શનાર્થી ઓ દર્શન માટે ઉમટી પડ્યા હતા સૌ આરોગ્ય સારુ રહે તેવી પ્રાર્થના કરી નાની વય માં હ્દય રોગ ને કારણે અવસાન પામતા યુવા વર્ગ ની રક્ષા કરવા કાલા વ્હાલા કરતા હતા.

## ચાણસ્મા પંથકમાં દેવી દેવતાઓની હર્ષોલ્લાસ સાથે પલ્લી ભરાઈ

ચાણસ્મા શહેર ખાતે ગોગા મહારાજના મંદિરે, રૂપપુર સિકોતર માતાજીના મંદિરે, સેધા બીબડી સિકોતર માતાજીના મંદિરે, કંબોઈ ચેહર માતાજીના મંદિરે તેમજ ખારીધારીયાલ ગામે શ્રી પીઠાઈ માતાજીનું વર્ષો જુનું મંદિર આવેલું છે. જેમ દર સાલે માતાજીની ગામ પલ્લી ભરાય છે તેમ ચાલુ સાલે પણ શ્રી પીઠાઈ માતાજીની ગામ પલ્લી લેઉવા પટેલના માઢમાંથી ભરવામાં આવી હતી.પલ્લી ભરવા માટે એક લાકડાનો બનાવેલ બાજઠ લેવામાં આવ્યો હતો. બાજઠમાં નવખંડ ભરવામાં આવ્યા હતા. અને પલ્લીમાં નવખંડ ભરેલ હોય તેની



ઉપર ઘઉંના લોટનું મોટું એક કોડિયું બનાવી તેમાં ઘી પુરીને દીવો પ્રગટાવવામાં આવ્યો હતો. ને બાજઠની ચારે બાજુ ઘીના દીવડાની રોશની કરવામાં આવી હતી. તેમજ ફૂલહાર થી શણગારવામાં આવી હતી. પલ્લીના બાજઠને માથે ઉપાડી ઉઘાડા પગે ચાલી ગામ વચ્ચે થઈ બોલ મારી પીઠાઇ જય જય પીઠાઇ ના નાદ થી આખું વાતાવરણ મંત્રમુગ્ધ થઈ ગયું હતું. ને પલ્લી નીજ મંદિરે ગઈ હતી. માતાજીના મંદિરે જઈ પલ્લીના નવખંડને માતાજીને નૈવેધ ધરાવી, ધુપ કરવામાં આવ્યું હતું. ત્યારબાદ ગ્રામજનોને પલ્લીની પ્રસાદ આપવામાં આવી હતી. પ્રસાદ લઈ ગ્રામજનોએ ધન્યતા અનુભવી હતી. કહ્યું હતું કે હે માં સૌનું કલ્યાણ કરજો અને રોગ ભોગ ટાળજો.

રિપોર્ટર નિખિલ જોષી
પાટણ બ્યુરોચીફ

## ડાંગ જિલ્લા સુબિર તાલુકાના ઘુલદા ગામે અકસ્માતે આગ લાગતા ઘર વખરીને નુકશાન

ડાંગ જિલ્લાના સુબિર તાલુકાના ધુલદા ગામે આજે સવારે એટલે કે તા.૨૨મી ઓક્ટોબરે અકસ્માતે આગ લાગવાનો બનાવ બનવા પામ્યો હતો.જિલ્લા અને તાલુકા વહીવટી તંત્રને પ્રાપ્ત થયેલા, બરડીપાડાના તલાટી કમ મંત્રીશ્રીના પ્રાથમિક અહેવાલ અનુસાર તા.૨૨/૧૦/૨૦૨૩ ના રોજ સવારે અંદાજીત ૧૦:૪૫ વાગ્યાના અરસામાં, ધુલદા ગામે પટેલ ફળિયામાં શ્રી સંદીપભાઈ ભાયજુભાઈ પવારના ઘરે આ આગ લાગવાનો બનાવ બનવા પામ્યો હતો. જેમાં સદનસીબે કોઈ જાનહાની થવા પામી



નથી. પરંતુ અસરગ્રસ્ત પરિવારના ઘરના સામાન, ઘરવખરીને નુકશાન થવા પામ્યું છે.ડાંગ કલેકટર શ્રી મહેશ પટેલે શક્ય તેટલી વહેલી મદદ પહોંચાડવા માટે તંત્રને એલર્ટ કર્યું છે.

## જીસીઈઆરટી ગાંધીનગર પ્રેરિત અને જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન ભાવનગર આયોજિત બોટાદ જિલ્લા કક્ષાનો નવમો એજ્યુકેશન ઈનોવેશન ફેસ્ટિવલ -૨૦૨૩/'૨૪ શ્રી આદર્શ શૈક્ષણિક સંકુલ હડદડ (બોટાદ) ખાતે સંપન્ન થયો....

શિક્ષણમાં નાવિન્ય અને રાષ્ટ્રીય શિક્ષણનીતિ -૨૦૨૦ અંતર્ગત વર્ગખંડ અને શિક્ષણની સમસ્યાઓનાં નિવારણ માટે બોટાદ જિલ્લાના ઈનોવેશન હૈંઝ અને કુશળ અને કર્મઠ માર્ગદર્શન હેઠળ અનેક ઈનોવેટિવ શિક્ષકોના નવા વિચારો રાજય અને રાષ્ટ્રીય ફલક પર મુકનાર શ્રી વિપુલભાઈ વાજા સાહેબના માર્ગદર્શન હેઠળ તૈયાર થયેલા બોટાદ જિલ્લાના ચાર તાલુકા અને નગરપાલિકાના કુલ શ્રેષ્ઠતમ ૧૮ સારસ્વતોના નવતર પ્રયોગ પસંદ કરવામાં આવ્યાં હતાં...

બોટાદની આદર્શ શૈ.સંકુલમા આ એજ્યુકેશન ઈનોવેશન ફેસ્ટીવલના પ્રથમ દિવસે પ્રારંભિક સેરેમનીમા બોટાદ જિલ્લા વિકાસ અધિકારીશ્રી અક્ષય બુડાનિયા,ડાયટ ભાવનગરના કુશળ, કર્મઠ પ્રાચાર્યશ્રી હિરેનભાઈ ભટ્ટ,બોટાદ જિલ્લા શિક્ષણાધિકારીશ્રી વિક્રમસિંહ પરમાર,નાયબ જિ.પ્રા.શિક્ષણાધિકારીશ્રી મોરી સાહેબ,નગર પાલિકા બોટાદ શાસનાધિકારી શ્રી ડી.બી.રોય સાહેબ,તાલુકા પ્રા.શિક્ષણાધિકારી શ્રી રાણપુર અને બરવાળા તથા બરવાળા અને રાણપુર તથા શૈક્ષિક મહાસંઘ બોટાદના અધ્યક્ષ શ્રી જનકભાઈ સાંબવા તથા બી.આર.સી.શ્રીઓ,સી.આર.સી.શ્રીઓ,તથા આદર્શ શૈક્ષણિક સંકુલના સંચાલક શ્રી પ્રભુભાઈ ત્રાસડિયા સાથે પ્રથમ દિવસે રાણપુર અને બોટાદ તાલુકા તથા નગરપાલિકાના દરેક શાળાનું પ્રતિનિધિત્વ કરતાં સારસ્વતો ઉપસ્થિત રહ્યાં હતાં.

સુંદર દીપ પ્રાગટ્ય અને પ્રાર્થનાથી કાર્યક્રમની શુભ શરૂઆત કરવામાં આવી,ત્યારબાદ ડાયટ ભાવનગરનાં પ્રાચાર્યશ્રી ભટ્ટ સાહેબ દ્વારા આવકાર અને સૌ મહાનુભાવોનું સન્માન સાથે શ્રી વિપુલભાઈ વાજા સાહેબે પોતાની આગવી શૈલીમાં નવમાં ઈનોવેશન ફેસ્ટિવલ અંગે પ્રારંભિક રુપરેખા આપી હતી, પ્રેરક પ્રવચનમાં જિલ્લા વિકાસ અધિકારીશ્રીએ આવા અગત્યનાં ઉપક્રમમા હાજર રહેવાનો ખૂબ રાજીપો વ્યક્ત કરી રાષ્ટ્ર ઘડતરમાં શિક્ષકનું ઉત્તરદાયિત્વ વંદનીય કહી



દરેક ઈનોવેટિવ શિક્ષકોને ખૂબ શુભેચ્છાઓ પાઠવી હતી. તો સાથે ઉપસ્થિત મહાનુભાવો દ્વારા બોટાદ જિલ્લાના ૧૮ ઈનોવેટિવ શિક્ષકોનું શિલ્ડ,પ્રમાણપત્ર આપી સન્માન કરવામાં આવ્યું હતું....આ પ્રારંભિક સેરેમનીનું આભારદર્શન ડાયટના સિનિયર લેક્ચર શ્રી સંજયભાઈ તલસાણિયા સરે કર્યું હતું અને સમગ્ર કાર્યક્રમનું સુચારું સંચાલન ચાચરિયા પ્રા.શાળાના ઈનોવેટિવ શિક્ષક અને શ્રેષ્ઠ એન્કર પ્રવીણભાઈ ખાચરે પોતાની આગવી શૈલીમાં કરી સૌને મંત્રમુગ્ધ કર્યા હતાં....

બોટાદ જિલ્લા વિકાસ અધિકારીશ્રીએ તમામ મહાનુભાવોની હાજરીમાં રિપીન કાપી ઈનોવેશન ફેસ્ટીવલને ખૂલ્લો મુક્યો હતો.... ખૂબ આનંદની વાત છે કે જિલ્લા વિકાસ અધિકારીશ્રીએ દરેક સ્ટોલ પર ખૂબ રસપૂર્વક જોડાઈને તમામ ઈનોવેટિવ શિક્ષકોના કામને ખૂબ ઝીણવટથી માણ્યું, જાણ્યું અને વખાણ્યું હતું અને એક એકથી ચડિયાતા સ્ટોલ માટે અઢારેય સારસ્વતો સાથે શ્રી વિપુલભાઈ વાજા સરને ખૂબ અભિનંદન પાઠવી શ્રેષ્ઠ કામને દિલથી બિરદાવ્યું હતું...સાથે પ્રાચાર્ય શ્રી ભટ્ટ સાહેબ, જિલ્લા શિક્ષણાધિકારીશ્રી વિક્રમસિંહ પરમાર સાહેબ તથા નાયબ જિ.પ્રા.શિક્ષણાધિકારી શ્રી મોરી સાહેબ સાથે શિક્ષણ પરિવાર બોટાદના સાહેબશ્રીઓએ ઈનોવેટિવ શિક્ષકોના કામને બિરદાવ્યું હતું....અનેક સારસ્વતો અને વિધાર્થીઓએ રસપુર્વક આ તમામ સ્ટોલની મુલાકાત કરી ઘણું નવું મેળવ્યાનો આનંદ વ્યક્ત કર્યો હતો.

આજ ઉત્સાહ સાથે બીજા દિવસની શરુઆત પણ ખૂબ ઉત્સાહથી થઈ અને બીજા દિવસે બોટાદ જિલ્લા પોલીસ અધિક્ષક શ્રી કિશોર બળોલિયા સાહેબે વિશેષ રસ દાખવી ઈનોવેશન ફેસ્ટીવલની મુલાકાત લીધી હતી...સાથે ગઢડા તાલુકાના પ્રાથમિક શિક્ષણાધિકારી જોશી સાહેબ તથા ગઢડાના બન્ને કેળવણી નિરીક્ષકશ્રીઓ પણ આ તકે પ્રેરક હાજરી આપી હતી.... પોલીસ અધિક્ષકશ્રીએ દરેક સ્ટોલની ગૌરવપૂર્ણ મુલાકાત લઈ દરેકના કાર્યને બીરદાવી પોતાના પ્રેરક ઉદબોધનમાં પોતાના જીવનઘડતરમા ફાળો આપનાર શિક્ષકોને યાદ કરી શિક્ષકોને યાદ કરી એક શિક્ષક શું કરી શકે એવા પ્રેરક પ્રસંગો વાગોળી ઈનોવેશન ફેસ્ટિવલમાં આમંત્રણનો સવિશેષ આભાર માની ડાયટ ટીમ અને તમામ ઈનોવેટિવ શિક્ષકોની પીઠ થાભડી હતી અને હાજરી આપીને ખૂબ આનંદ અનુભવું છું આવા ભાવો રજુ કરી ઈનોવેશન ફેસ્ટીવલની સાર્થકતા દર્શાવી હતી.....આમ આદર્શના આંગણે આદર્શ રીતે બોટાદ જિલ્લા કક્ષાનો નવમો એજ્યુકેશન ઈનોવેશન ફેસ્ટિવલ સંપન્ન થયો હતો....



મહેસાણા જિલ્લા પોલીસ દ્વારા નવરાત્રિ મહોત્સવ ના આયોજન માં છઠ્ઠા નોરતે જિલ્લા પોલીસ વિશેષ અતિથિ તરીકે ઝૂંપડ પટ્ટીમાં વસતા પરિવાર ના બાળકો ને આમંત્રણ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા,નવરાત્રી મહોત્સવ દરમિયાન જિલ્લા પોલીસ દ્વારા સફાઈ કર્મીઓ, વિકલાંગ બાળકો, ઝૂંપડ પટ્ટીમાં વસતા પરિવાર, વૃદ્ધા શ્રમ માં રહેતા વડીલોને અતિથિ તરીકે બોલાવી ઉત્તમ કામગીરી કરી હતી,ગરબે રમવા આવતા ખેલૈયા અને અતિથિઓ પાસેથી ટ્રાફિક નિયમ પાલન, સ્વચ્છતા અંગે શપથ લેવડાવવામાં આવ્યાં હતા,નવરાત્રિ દરમિયાન નવરાત્રિના છઠ્ઠા નોરતે લોક ગાયિકા કાજલ મહેરિયાના સુરોના તાલે મહેસાણાના ખેલૈયા અને પોલીસ કર્મીઓએ રાસની રમઝટ બોલાવી હતી. મહેસાણા થી જતીન રાવલ

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.